
ગાંધીનગર સમાચાર



## બાયડ વિધાનસભાના કોગ્રેસના યુવા કાર્યકરોની જાહેર સભા યોજાઈ

બાયડ વિધાનસભાં ચુટણી નો માહોલ ગરમાયો છે ત્યારે આજે બાયડ ખાતે આવેલી સાઈવીલા રેસીડેન્સી ખાતે કોગ્રેસ ના મહેન્દ્રસિંહ વાઘેલા દ્વારા યુવાઓ માટે ની એક જાહેર સભા યોજવામાં આવી હતી આ જહેર સભા મા મોટી સંખ્યા માં યુવા કાર્યકરો ઉમટી પડયા હતા અને આ વખતે સત્તા આવશે તો હાલ યુવાનો નો જે બેરોજગારીનો પ્રશ્ન છે તે હલ કરવામાં આવશે તેમજ પી.ટી.સી બેરોજગારો ને પણ ન્યાય આપવામાં આવશે તેવી ખાત્રી આપવામાં આવી હતી (તસવીર : સમીર બલોચ, બાયડ)

# તલોદમાં મુખ્ય ચાર રસ્તે કોંગ્રેસ કાર્યાલય ખુલ્લુ મુકાયું

## કાર્યકરો અને સમર્થકોની ગામે ગામથી હાજરી : ૧૫ જેટલા કાર્યકરો ભાજપ છોડી કોંગ્રેસમાં પ્રવેશ્યા

તલોદ, તા.૫

વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય કે ત્યારે ચૂંટણી પ્રચાર જોર પકડતો જાય છે. ૩૩ વિધાનસભા મત વિસ્તાર તલોદ અને પ્રાંતિજ તાલુકાના ગામડા અને શહેર સાથે સંકળાયેલો છે ત્યારે કોંગ્રેસના કાર્યકરોની માગણીને માન આપી તલોદમાં તારાચંદભાઈ નરસિંઘાણીના બાવલા નજીક ચાર રસ્તે કોંગ્રેસનું કાર્યાલય તા. ૪-૧૨ના રોજ માજી કૃષિમંત્રી અને પૂર્વ સાબર ડેરીના ચેરમેન ગોવિંદભાઈ પટેલના હાથે ખુલ્લુ મુકાયું હતું.

આ વેળાએ કોંગ્રેસના વિધાનસભાના ઉમેદવાર યુવાન એડવોકેટ મહેન્દ્રસિંહ કચરસિંહ બારૈયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને હાથ ઉંચા કરી અભિનંદન કર્યા હતા. આ વેળાએ જનમેદનીએ 'સોનિયા ગાંધી જિંદાબાદ', 'કોંગ્રેસ જિંદાબાદ'ના નારા લગાવ્યા હતા.

આ વેળાએ કોંગ્રેસના આગેવાન મહેશભાઈ અમીચંદભાઈ પટેલ, તલોદ નગરપાલિકાનાં પ્રમુખ દક્ષાબેન પટેલ, તલોદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રંગુસિંહ સોલંકી, મહિલા પ્રમુખ નીતાબેન શાહ, આશાબેન પટેલ, વિશ્નુબા, એસ.કે. ઝાલા, કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ પટેલ, પીઢ કોંગ્રેસી આગેવાન કનુભાઈ ચુનીભાઈ પટેલ, મણીભાઈ પટેલ, વાવવાળા વિનુભાઈ પટેલ, કોંગ્રેસ સમિતિના પ્રમુખ મંગુભા ઝાલા તેમજ ગામે ગામથી કોંગ્રેસના સમર્થકો મસ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

આ વેળાએ ભાજપ છોડી કોંગ્રેસમાં ૧૫ જેટલા કાર્યકરો કોંગ્રેસમાં જોડાતાં, તેમનું સ્વાગત ગોવિંદભાઈ પટેલે ઉમળકાભેર કર્યું હતું. હાજર રહેલા સૌએ આ કાર્યકરોને વધાવી લીધા હતા.

કોંગ્રેસના આગેવાનોએ સૌને અપીલ કરતાં જણાવ્યું હતું જે ગામમાં કોંગ્રેસના આગેવાન કાર્યકરો રહે છે તે ગામોમાં પ્રચાર કરો અને મતદારોને ચૂંટણી બૂથે લાવી, પંજાના નિશાન ઉપર ચોકડી મરાવવાનું કામ આરંભી, પહેરાગીરી જેવો બંદોબસ્ત રાખશો અને કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયાને જંગી બહુમતીથી જીતાડી લાવવા એલાન કરવામાં આવ્યું હતું.

# સમાચાર ઝલક

- ડો. બાબાસાહેબ આંબેડકરનું સ્મારક આંતરરાષ્ટ્રીય કક્ષાનું મહારાષ્ટ્રમાં બનાવાશે.
- દિલ્હી ટ્રોમા સેન્ટરમાં ઓક્સિજનની તકલીફ હોવાથી મોત.
- ફિલિપાઇન્સમાં વાવાઝોડાના તોફાનમાં ૭૪નાં મોત.
- વડોદરામાં સરકારી નોકરી આપવાની લાલચ આપતી મહિલાની ધરપકડ કરાઇ.
- ચીને સિરિયામાં રસાયણ શસ્ત્રો વાપરવા સામે વિરોધ કર્યો.
- દેવગઢ બારિયા તાલુકામાં લૂંટારાઓ સાથે ગ્રામજનોની અથડામણ, ૧ વ્યક્તિનું મોત.
- રાષ્ટ્રપતિ ચૂંટણી અંગેની ફરિયાદ સુપ્રીમકોર્ટે ફગાવી દીધી.
- લલિત નારાયણ મિશ્રની હત્યાના આરોપની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી.
- જાન્યુઆરી બાદ ભારતીય ક્રિકેટર સચિન તેડુંલકર ફૂલફોર્મમાં !!!
- અફઝલ ગુરૂને ફાંસી અંગેનો નિર્ણય હજુ લેવાયો નથી : કેન્દ્રિય ગૃહપ્રધાન.
- અમેરિકાના ડ્રોન વિમાન ઉપર કબજો જમાવતું ઇરાન.



## ડીસામાં ગુજરાત પરીવર્તન પાર્ટીના ઉમેદવાર અજમલજી ઠાકોરનું ચુંટણી કાર્યાલયનો શુભારંભ

ડીસા મત વિસ્તારમાં ગુજરાત પરીવર્તન પાર્ટિના ઉમેદવાર અજમલજી નાથુજી ઠાકોરના ચુંટણી કાર્યાલયનો શુભારંભ સંત દોલતપુરી મહારાજની ઉપસ્થિતીમાં થયો હતો. પાલનપુર - ડીસા હાઈવે પર હોટલ આનંદની બાજુમાં વિશાળ સંખ્યામાં મતદારોની હાજરીમાં નાથુજી ઠાકોર ને જીતાડવા માટે હાકલ કરાઈ હતી.

આ પ્રસંગે પરીવર્તન પાર્ટીના જીલ્લા પ્રમુખ રમેશ ઠક્કર, મહામંત્રી ગણેશભાઈ શાહ, મંત્રી રમેશભાઈ લાભાણી વકીલ, ઠાકોર સમાજના આગેવાન ઓધારજી, સામાજીક કાર્યકર કલ્યાણભાઈ મિસ્ત્રી, શંભુજી ઠાકોર, ડુંગરભાઈ પટેલ, તેજાભાઈ , જીલ્લા ઉપપ્રમુખ વાસુભાઈ મોઢ, પ્રહલાદજી વાઘેલા , ભરતટાંક, ભગાભાઈ પટેલ, શ્રવણભાઈ ધરમાજી ઠાકોર, જયંતિભાઈ ઠાકોર દ્વવા સહિત અગ્રણીઓ તેમજ દરેક સમાજના આગેવાનો ઉપસ્થીત રહ્યા હતા. ઓધારજી ઠાકોરે સમાજનું કામ નહી કરી સમાજ સાથે વિશ્વાસઘાત કરનારાઓને જાકારો આપી સ્વસ્થ પ્રતિભા ધરાવતા ઉમેદવાર અજમલજી ઠાકોર ને બેટ નિશાન પર બટન દબાવી વિજઈ બનાવવા તમામ સમાજના લોકોને અનુરોધ કર્યો હતો. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ગંદકી ફેલાવતા રહીશો સામે તંત્રની લાલ આંખ

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા આજે સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરના વિજય સિનેમા પાસેના વિસ્તારમાં પાણીનો બગાડ કરતા અને ગંદકી ફેલાવતા કેટલાક રહિશોના પાણીના જોડાણ કાપી નાખ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી કેટલાક રહેવાસીઓ ખુલ્લેઆમ પાણી જાહેરમાં ઢોળી ગંદકી અને કાદવ કરી રહ્યા હોવાની ફરિયાદો ઉઠવા પામતા નગરપાલિકા દ્વારા અગાઉ કેટલાક લોકોને વારંવાર નોટીસો ફટકારવામાં આવી હતી. તેમ છતાં પરિસ્થિતિ જેમની તેમ જ રહેતા ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ રાખવાના અભિયાન અંતર્ગત આજે શહેરમાં આવેલા વિજય સિનેમા પાસેના રહીશોના પાણીના નળ જોડાણ કાપી નાખવામાં આવ્યા હતા. નગરપાલિકાએ આ મામલે રહીશો સામે લાલ આંખ કરતા ગંદકી ફેલાવતા અને પાણીનો બગાડ કરતા સ્થાનિકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. જ્યારે નગરપાલિકા દ્વારા શહેરમાં ગંદકી કરતા અને પાણીનો બગાડ કરતા રહીશોના હજુ વધુ કનેક્શન કાપવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

# માણસામાં કોંગ્રેસનું સંમેલન યોજાયું

માણસા, તા.૫

માણસા વિધાનસભા બેઠક માટે પ્રચાર કાર્ય તેની ચરમ સીમાએ છે ત્યારે માણસા બેઠકના કોંગ્રેસના યુવા ઉમેદવાર અમિત ચૌધરીના સમર્થનમાં માણસા ખાતે આવેલ એમ.જી. ચૌધરી વિદ્યા સંકુલમાં એક સંમેલન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં આસપાસના ગામે ગામથી ક્ષત્રિય આગેવાનો જોડાયા હતા અને કોંગ્રેસને પોતાનું સમર્થન આપ્યું હતું.

આ સંમેલનમાં એક જ મંચ પર માણસા તાલુકાના ક્ષત્રિય સમાજના આગેવાનો હાજર રહ્યા હતા અને તેમણે કાર્યકરોને ભેદભાવ ભુલી કોંગ્રેસના ઉમેદવાર અમિત ચૌધરીને ભવ્ય વિજયી બનાવવા માટે હાકલ કરી હતી અને તે માટે અત્યારથી જ માણસા પેટા ચૂંટણીની જેમ ગામે-ગામ કામે લાગી જવા હાકલ કરી હતી. આ સંમેલનમાં માણસાના ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર, પ્રતાપજી ઠાકોર, ગાભુસિંહ રાઠોડ સહિત વિવિધ ગામોના સરપંચો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

# બાયડ વિધાનસભાના અપક્ષ ઉમેદવાર ચુનીભાઈ પટેલે ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય ખુલ્લું મુકયું

બાયડ, તા.૫

બાયડ વિધાનસભા માં હાઈ ગુજરાત રાજ્ય ની વિધાનસભા ની ચુટણી



(તસવીર : સમીર બલોચ, બાયડ)

નો માહોલ જામ્યો છે ત્યારે આજ રોજ વીજય ના શુભ મુર્હુત મા અપક્ષ ઉમેદવાર ચુનીભાઈ બબાભાઈ પટેલે પોતાન ચુટણી મધ્યસ્થ કાર્યાલય ખુલ્લુ મુકયુ હતુ. કાર્યાલય ખુલ્લુ મુકતા સમયે વિશાળ સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.


હાલ બાયડ વિધાનસભામાં અપક્ષ તરીકે ચુટણી જંગ માં ઝંપલાવનાર ઉમેદવાર ચુનીભાઈ પટેલ આ પહેલા બાયડ ભાજપ શાશીત તાલુકા પંચાયતા ના પ્રમુખ પદ સંભાળી ચુકયા છે તયારે ભાજપા સાથે છેડો ફાડી ભાજપ પક્ષ દ્વારા આ ચુંટણી માં મુકેઈ ઉમેદવાર ઉદેસિંહ ઝાલા સામે વિરોધ હોઈ વર્ષોથી ભાજપા પક્ષ માટે વફાદાર રહેલ અને પક્ષ માટે યોગદાન આપનાર કડવા પાટીદાર સમાજ ની ભારતીય જનતા પાર્ટી પક્ષ દ્વારા દર વખત ની જેમ આ વખતે પણ ઉપેક્ષા કરવામાં આવતા આ વખતે કડવા પાટીદાર સમાજે એક થઈ ભારતીય જનતા પાર્ટી સાથે છેડો ફાડી અને અપક્ષ તરીકે ચુંટણી જંગ માં ઝંપલાવતા ભાજપ માં ભુકંપ સર્જાયો હતો ત્યારે આજ રોજ કાર્યાલય ને ખુલ્લુ મુકતા સમયે અપક્ષ ઉમેદવારે ભાજપા સામે રણશીંગુ ફુકયુ હોય તેમ શકતી પ્રદશન કર્યુ હોય તેમ મોટી સંખ્યા માં જનમેદની ઉમટી પડી હતી જયારે પુર્વ અને પશ્ચીમ વીસ્તાર માં થી દરેક સમાજ ના અગ્રણી ઓ એ ઉપસ્થીત રહી ચુનીભાઈ બબાભાઈ ને ટેકો આપતા હાલ બાયડ વિધાનસભા ના રાજકીય વાતાવરણ મુ ગરમાવો આવ્યો હતો જયારે મતદારો ના મત મુજબ આ વખતે ચુનીભાઈ પટેલે અપક્ષ તરીકે ઉમેદવારી નોધાવતા આવખત ની ચુટણી ભાજપાના ઉમેદવાર માટે કપરા ચઢાન સાબીત થાય તેમ છે ત્યારે ચુનીભાઈ ની ઉમેદવારી ને લઈને ભાજપ ની છાવણી માં સોપો પડી ગયો હોય તેમ આ વખતે કોગ્રેસ દ્વારા ભાજપા પક્ષ જોડે નહી પરંતુ અપક્ષ જોડી સીધી ટકકર હોય અને ભાજપ ના ઉમેદવાર નુ કોઈ અસ્તીત્વ ના હોય તેવુ લાગી રહયુ છે.

# સાબરકાંઠા જિલ્લાની શાળાઓ દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજાશે

હિંમતનગર, તા. ૫

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨ આગામી તા. ૧૭-૧૨-૨૦૧૨ના રોજ યોજાનાર છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના મતદારોમાં જાગૃતિ કેળવાય અને ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે શાળા અને કોલેજોમાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત સંકલ્પપત્રોનું વિતરણ, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને બેનરો બનાવી વિદ્યાર્થીઓની સહિ મેળવવા જેવી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત જિલ્લામાં તા. ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ ૧૨.૦૦ કલાકે હિંમતનગરની જૈનાચાર્ય આનંદઘનસુરી વિદ્યાલય, એન.એન્ડ. કે. પંડ્યા હિંમત-૨ હાઈસ્કૂલ, તથા ગ્રામોર ફાઉન્ડેશન બેરણા તેમજ ઈડરની સરકારી પુરૂષ અધ્યાપન મંદિર, કડિયાદરા અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, ઈડર ખાતે કાર્યક્રમ યોજાશે.



શિહોરી ગાય માતાના મંદિરે ભાજપના ઉમેદવાર કીર્તીસિંહ વાઘેલાની મીટીંગ મળી હતી. કાંકરેજ ૧૫ વિધાનસભાના ઉમેદવાર ભાજપના કીર્તિસિંહ વાઘેલાને ઠેર ઠેર ઉમળકાભેર વધાવી ઢોલ શરણાઈ સાથે વધાવીને સન્માન કરવામાં આવે છે. આજે કાંકરેજ તાલુકા મથક શિહોરી ખાતે ગામ સમસ્ત ગાય માતાના મંદિરે ભાજપની મીટીંગ રાખવામાં આવી હતી. આ મીટીંગમાં કીર્તિસિંહ વાઘેલા, મગનસિંહ વાઘેલા, હરગોવનભાઈ શીરવાડીયા, અણદાભાઈ પટેલ, વરધીભાઈ શાહ, દયારામભાઈ જોષી, હરીપ્રસાદ દવે, સુખદેવસિંહ સોઢા, હીરાજી ડાભી, શાન્તુન્યા ડાભી, સમુજી ડાભી વિગેરે હાજર રહ્યા હતા. (તસવીર : હેમુભા વાઘેલા)

## માણસામાં જીપીપી ઉમેદવારના સમર્થનમાં પાટીદારોની બેઠક યોજાઈ

ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ-તેમ માહોલમાં ગરમાવો પકડી રહ્યો છે ત્યારે દરેક પક્ષોમાં સમીકરણ આધારીત પોતાના માની રહ્યા છે તેવામાં આ વખતે કેશુભાઈના પક્ષ દ્વારા જીપીપીના પક્ષ ઉમેદવારો ઉભા રાખવામાં આવ્યા છે ત્યારે અપક્ષ કોને નફો કરાવશે કે કોને નુકશાન કરશે તે તો પરિણામ જ બતાવશે. પરંતુ હાલ ૪૧ સમાજનો સતત અન્યાયને પગલે તે સમાજના ઉમેદવારે ઉમેદવારી કરી છે અને તેના સમર્થન માટે ગતરોજ એક બેઠક યોજાઈ હતી. જેમાં ૪૧ પાટીદાર સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.






વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૨ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા મત વિસ્તારોમાં તા.૧૭-૧૨-૨૦૧૨ ના રોજ મતદાન યોજાનાર છે. મતદાનના દિવસે મોટી સંખ્યામાં મતદાન થાય અને તેમાં ખાસ કરીને મહિલા તથા યુવા મતદારોની સામેલગીરી વિશેષ -માણમાં થાય તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, દ્વારા સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિ અને લોક સામેલગીરીના ખાસ કાર્યક્રમો તા.૪-૧૨-૨૦૧૨ થી. તા.૮-૧૨-૨૦૧૨ દરમ્યાન યોજવામાં આવી રહયા છે. લ્સ્ચ્ચ્ભ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં મેગા ઈવેન્ટ તરીકે તા.૮-૧૨-૨૦૧૨ ના રોજ સાબરકાંઠા જિલ્લાની તમામ -ાથમિક શાળાઓ/માધ્યમિક શાળાઓ ધ્વારા રેલી નિકળીને મતદાર જાગૃતિનું કાર્ય કરશે. લોકશાહીના આ મહા પર્વમાં જોડાવવા માટે તમામ મતદારોને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરવા -ેરિત કરશે. તદુપરાંત જિલ્લાના -ાથમિક અને માધ્યમિક વિભાગના શિક્ષણાધિકારીઓની કચેરીઓ ધ્વારા, તા.૪-૧૨-૨૦૧૨ થી. ૭-૧૨-૨૦૧૨ દરમ્યાન -ાથમિક અને માધ્યમિક શાળાઓમાં -વચન અને સેમિનાર યોજવામાં આવશે તથા અભ્યાસ કરતા બાળકના વાલીયો મોટા પાયે મતદાન કરે તે માટે વિધાર્થીઓને સંકલ્પ પત્ર જિલ્લા ચૂંટણી તંત્ર ધ્વારા પૂરા પાડવામાં આવશે. આ સંકલ્પ પત્રોમાં વિધાર્થીઓ તેમના માતા પિતાની સહી મેળવી શાળામાં પરત જમાં કરાવશે. આ હેતુસર ૪,૦૦,૦૦૦ સંકલ્પ પત્રો જિલ્લામાં વપરાશમાં લેવાશે. સાથોસાથ સ્થાનિક તંત્રના સહકારથી -ાથમિક અને માધ્યમિક વિભાગના શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા તા.૬-૧૨-૨૦૧૨ ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે હિંમત હાઇસ્કૂલ ધ્વારા વિધાર્થીઓ, વ્યવસાયીકો, યુવા અને મહિલા મતદારો અને આમ જનતાની એક મહા રેલીનું આયોજન મતદાર જાગૃતિ અર્થે કરવામાં આવનાર છે. જેમા સામેલ થવા તમામ મતદારોને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સાબરકાંઠા ધ્વારા અપીલ કરવામાં આવી છે.

## વકતા, વકતવ્ય અને સચ્ચાઈ (પાના નં. ૨ નું ચાલુ)

ગુજરાતમાં અત્યારે એવા ત્રણ વકતાઓ છે જેને લોકો ધ્યાનથી સાંભળે છે. (૧) શ્રી મોરારિબાપુ (૨) ગુણવંત શાહ (૩) શ્રી નરેન્દ્ર મોદી... શ્રી મોરારિબાપુ શિક્ષક હતા અને છે. શ્રી ગુણવંત શાહ શિક્ષક હતા અને છે. શ્રી નરેન્દ્ર મોદી સંઘના બૌધ્ધિક હતા અને છે. શ્રી મોરારિબાપુ પાસે રામાયણનું જબરૂં ભાથુ છે, દર્શન છે, જાગતિક અનુભવ છે અન એક વિશાળ 'કશી જ અપેક્ષા વગરનો' શ્રોતાવર્ગ છે. શ્રી ગુણવંત શાહ પાસે શિક્ષણ અને શાસ્ત્રનું દર્શન છે, પણ ચિંતન પણ છે, નિજી જીવનધારા છે અને બહોળો 'ગ્રહણ કરવા્ ને આચરણ કરવા તત્પર' શ્રોતા વર્ગ છે. શ્રી નરેન્દ્ર મોદી પાસે જીવન અને રાજકારણનો અનુભવ છે, સત્તા-પ્રતિષ્ઠા-પ્રભાવ છે, સાવ 'અકારણ નહીં એવો ચાહકવર્ગ છે.' શ્રી મોરારિબાપુને સાંભળવા લોકો ઉમટી પડે છે, શ્રી ગુણવંત શાહને સાંભળવા એક બૌધ્ધિક વર્ગ અવશ્ય જાય જ છે, શ્રી નરેન્દ્ર મોદીને સાંભળવા 'કેટલાક' લોકો તો અવશ્ય જાય છે. શ્રી મોરારિબાપુ ઊગે તે બોલે છે, શ્રી ગુણવંત શાહ ઊગે તે ગોઠવીને બોલે છે, શ્રી નરેન્દ્ર મોદી 'અહીં ઉગાડવા જેવું શું છે' તે કયાક કાઢીને પછી બોલે છે... આમ તો આ સરખામણી લંબાવવા જેવી નથી, કારણ મોરારિબાપુ અને ગુણવંતભાઈ નિજી સ્વાર્થ વગર અન્યાર્થે વક્તા છે. જયારે નરેન્દ્રભાઈ નિજી કે પક્ષીય કે રાજકીય પ્રાપ્તિ સાથે સ્વ અર્થે વક્તા છે... આમ છતાં, જે પ્રથમ ત્રણ વક્તાઓને સાંભળવાનું, મળવાનું, થોડીક ક્ષણો માટે વીતાવવાનું ગુજરાત કે ગુજરાતીઓ પસંદ કરે છે તેમાં શ્રી મોરારિબાપુ, શ્રી ગુણવંતભાઈ અને શ્રી નરેન્દ્રભાઈ જ છે તે નિર્વિવાદ છે... ગુજરાતની બહાર પણ ત્રણ મહાનુભાવો તેમનાં વક્તવ્યના પ્રભાવથી લોકોનાં હૃદયમાં વસ્યા છે તે વિરોધીઓ પણ સ્વીકારે છે. જો કે એટલું તો આજે નક્કી કે વક્તાઓના શબ્દો કરતાં વક્તાના શબ્દોમાં રહેલી સચ્ચાઈ વક્તાને 'ઉત્તમ' બનાવે છે! શબ્દ તેથી તો બ્રહ્મ છે, ભ્રમ નથી ને!!